ACPC

## એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

# ઈજનેરી ડિપ્લોમા હોલ્ડર્સને સંબંધિત ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમના

# બીજા વર્ષમાં (ત્રીજા સેમેસ્ટર) સીધો પ્રવેશ : વર્ષ ૨૦૧૧-૧૨

ગુજરાત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઈજનેરી ડીગ્રી કોલેજોમાં ચાલતાં અભ્યાસક્રમોનાં ત્રીજા સેમેસ્ટરમાં સીધા પ્રવેશ માટે ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્યમાંથી અથવા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અથવા ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સ્વાયત્ત (ઓટોનોમસ) સંસ્થાઓનાં ઈજનેરી ડિપ્લોમા હોલ્ડર્સમાંથી પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીપત્રક પ્રવેશ સમિતિની વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.

ઉમેદવારોએ ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્યમાંથી અથવા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અથવા ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સ્વાયત્ત (ઓટોનોમસ) સંસ્થાઓમાંથી સંબંધિત ડિપ્લોમા ઈજનેરીની વિદ્યાશાખાની અંતિમ પરીક્ષા નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૦માં અથવા એપ્રિલ/મે-૨૦૧૧માં ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે (અનામત કક્ષા માટે ૪૫%) પાસ કરેલ હોવી જોઈએ. વધુમાં, પોસ્ટ ડીપ્લોમા ઈન ડેરી એન્જિનીયરીંગ અને ડીપ્લોમા ઈન ટુલ એન્ડ ડાઈ મેકીંગનાં ડીપ્લોમા હોલ્ડર્સ પણ પ્રવેશ માટે અરજી કરી શકશે. અન્ય સંલગ્ન વિદ્યાશાખાઓની વિગતવાર માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર ઉપલબ્ધ છે. **ઉપર જણાવ્યા સિવાયના અન્ય ઉમેદવારો માટેનાં પ્રવેશ અંગેની જાહેરાત ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જાહેર કરવામાં આવશે.**

પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ અરજીપત્રક સાથે બેન્ક ચલણની પ્રિન્ટ-આઉટ ઉપરોક્ત વેબસાઈટ પરથી મેળવી લેવાની રહેશે. અરજદારે વેબસાઈટ ઉપર દર્શાવેલ પંજાબ નેશનલ બેન્કની નિર્ધારીત શાખામાં, બેન્કનાં સમય દરમ્યાન ફોર્મ ફી પેટે રૂા. ૩૫૦/- રોકડા જમા કરાવી, સંપૂર્ણ રીતે ભરેલ પ્રવેશ ફોર્મ, બેન્કમાં નાણાં જમા કરાવ્યાની રસીદ તથા જરૂરી દસ્તાવેજોની નકલ જોડી તા. ૮-૭-૨૦૧૧ થી તા. ૧૭-૭-૨૦૧૧ દરમ્યાન (રવિવાર સહિત) સવારે ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધીમાં, રૂબરૂમાં વેબસાઈટ ઉપર જણાવેલ હેલ્પ સેન્ટરો ખાતે જમા કરાવી એકનોલજમેન્ટ સ્લીપ મેળવી લેવાની રહેશે. **પોસ્ટ તથા કુરીયર દ્વારા મોકલેલા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહીં.** આ પ્રવેશ કાર્યક્રમને લગતી અગત્યની તારીખો નીચે મુજબ છે. પ્રવેશ પ્રક્રિયાનો વિગતવાર કાર્યક્રમ આ સમિતિ દ્વારા હવે પછી જાહેર કરવામાં આવશે.

| | |
|---|---|
| **Display of Application Form and on ACPC Website** | **7-7-2011** |
| **Submission and Collection of Application forms** | **8-7-2011 to 17-7-2011** |

આ ઉપરાંત વધુ માહિતી માટે પ્રવેશ સમિતિના હેલ્પ લાઈન નંબર **૦૭૯-૨૬૮૫૫૪૪૪** પર સંપર્ક કરવો.

**— મેમ્બર સેક્રેટરી**